યા દેવી સર્વભૂતેષુ શાંતિ રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૫ | ૨૪ ઓક્ટોબર, ૨૦૨૦, શનિવાર; નિ. આસો સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત દ્વારા એન્ટી શિપ મિસાઈલનું સફળ પરીક્ષણ



## એન્ટી શિપ મિસાઇલથી સમુદ્રમાં ડૂબાડ્યું જહાજ

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતે શુક્રવારે એન્ટી શિપ મિલાઈલની સક્સેસફુલ ટેસ્ટિંગ કરી. નૌસેનાના કૉર્વેટ આઈએનએસ પ્રબળથી મિસાઈલ લૉન્ચ કરી. ભારતીય નૌસેનાએ તેનો વીડિયો પણ શેર કર્યો છે. જેમાં આઈએનએસ પ્રબળથી મિસાઈલને લોન્ચ કરવામાં આવી છે. આ મિસાઈલથી સટિક નિશાનો તાકી એક જહાજને ડૂબાડવામાં આવ્યું છે. આ ટ્વટિ મુજબ આઈએનએસ પ્રબળે પ્રેક્ટિસ ડ્રિલ દરમિયાન એન્ટી શિપ મિસાઈલ લૉન્ચ કરી છે. વીડિયોમાં જોવામાં આવી રહ્યું છે કે મિસાઈલએ પોતાના લક્ષ્યને સાંધતા સમુદ્રમાં ઊભેલા જહાજને ભસ્મ કરી તેને ડૂબાડ્યું.

નોંધનીય છે કે આ મિસાઈલને અરબ સાગરમાં કોઈ અજ્ઞાત સ્થળે લૉન્ચ કરવામાં આવી હતી. જેનો લક્ષ્ય હતો એક ખાલી અને જૂના જહાજને તોડી પાડવી. આ જૂનું જહાજ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતની હવા પ્રદૂષિત : ટ્રમ્પ

**બિડેન સાથેની અંતિમ ડિબેટમાં ટ્રમ્પે ભારત પર ભડાશ કાઢી : ચીન અને રશિયા પણ હવા ખરાબ કરવા માટે જવાબદાર, પેરિસ જળવાયુ સંધિમાંથી અમેરિકા બહાર ખસી જતા બિન-પ્રતિસ્પર્ધી રાષ્ટ્ર બન્યુ : અમેરિકાની પાસે ટૂંક સમયમાં કોરોના વેક્સિન ઉપલબ્ધ હશે : ટ્રમ્પનો દાવો**

વોશિંગ્ટન,તા.૨૩

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી પુર્વે અંતિમ પ્રેસિડેન્શીયલ ડીબેટમાં ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને રૂસ પર પોતાની ભડાશ કાઢી છે ટ્રમ્પે આજે દાવો કર્યો હતો કે ભારત, ચીન અને રૂસમાં હવાની ગુણવતા ઘણી ખરાબ છે. આ દેશો પોતાની હવા તરફ ધ્યાન દેતા નથી જયારે અમેરિકા હંમેશા એર કવોલીટીનું ધ્યાન રાખે છે. તેમણે ચૂંટણી પૂર્વે પોતાના હરિફ અને ડેમોક્રેટિક ઉમેદવાર જો બિડને સાથેની ચર્ચા દરમ્યાન કહ્યું હતુ કે ચીનને જુવો, ત્યાં કેટલી ગંદી હવા છે, રૂસને જોવો, ભારતને જુવો ત્યાં હવા કેટલી ગંદી છે. ત્યાં કેટલી ગંદકી પણ છે. આપણી પાસે સૌથી સ્વચ્છ હવા, સૌથી શુધ્ધ પાણી અને સૌથી સારૂ કાર્બન ઉત્સર્જન છે.

● અનુસંધાન પાન-૭ પર



# ગુરૂદાસપુરમાં પાકિસ્તાની ડ્રોન પર BSFનું ફાયરિંગ

**ભારતીય સરહદમાં ડ્રોન દ્વારા ઘૂસવાનો પાકનો પ્રયાસ : અનેક દિવસમાં સાતમી વાર ડ્રોન દ્વારા પાકની ઘૂસણખોરી નિષ્ફળ બનાવી, ફાયરિંગ બાદ ડ્રોન પાકિસ્તાન તરફ ફર્યું**

ગુરૂદાસપુર, તા. ૨૩

ગુરુદાસપુરના ડેરા બાબા નાનક ખાતે ભારત-પાક રાષ્ટ્રીય સરહદ પર ફરી એકવાર ડ્રોન જોવા મળ્યું હતું. સરહદ પર સ્થિત બીએસએફના સેક્ટર ગુરદાસપુરની ૮૯ બટાલિયનની બીઓપી મેટલાના બીએસએફના જવાનોએ ભારતમાં પ્રવેશતા ડ્રોન પર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ બાદ ડ્રોન પાક તરફ આગળ વધ્યું હતું. બીજી તરફ, ઘટનાની માહિતી મળતા જ બીએસએફના આઈજી મહિપાલ યાદવ અને ડીઆઈજી રાજેશ શર્મા સરહદ પર પહોંચ્યા હતા અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.



શુક્રવારે સવારે સાડા છ વાગ્યાની આસપાસ બીઓપી મેટલા પર તૈનાત બીએસએફની ૮૯ બટાલિયનના બીએસએફ જવાનોએ ડ્રોનને પાક બાજુથી જોયું હતું. ડ્રોનને ભારત તરફ આવતા જોઈને બીએસએફના જવાનોએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સાતમી વખત ડ્રોન દ્વારા ભારત તરફ પ્રવેશવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ સરહદ પર સ્થિત બીએસએફના જવાનોએ ડ્રોન ઉપર પાંચ વખત ફાયરિંગ કર્યું હતું અને રાષ્ટ્ર વિરોધી તાકાતના ઈરાદાઓ પર પાણી ફેરવી નાખ્યું હતું. બીજી તરફ, ગુપ્તચર એજન્સીઓએ વારંવાર ડ્રોનની ઘટનાઓ બાદ તપાસ શરૂ કરી છે.

આ પહેલા બુધવારે સવારે પાકિસ્તાન તરફથી એક ડ્રોને ભારતીય સીમામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે બી.ઓ.પી. કમલજીત પર તૈનાત પોસ્ટ ૮૯ બટાલિયનના બીએસએફના જવાનોએ ફાયરિંગ કર્યું ત્યારે પણ ડ્રોન પાકિસ્તાન તરફ ગયું હતું.


